બાળકોને બે બોલ.

કર્તા

[illegible]

બાળકોને બે બોલ.

કર્તા

ચંદ્રવદન ઇશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ.

આવૃતિ પહેલી

પળ નીતિ સમીપ ન શૌર્ય ટકે,
જગ ચક્ર સુનીતિ વીના અટકે.

દો. કૃ. પંડયા.

સુરત

સને ૧૯૧૬

કીંમત ૦-૩-૦ આના.

Printed by Mr. Vitheldas Kikabhai at the Jain
Printing Press, Khapatia Chakla Surat and
published by Mr. Chandravedan Isvarlal
khansaheb of Gopipura Limdicui, Surat
at Gopipura Limdicui Surat.

પ્રસ્તાવનાં.

જ્યારે માણુસનું મગજ કુમળું હોય ત્યારથી સારા સંસ્કાર પાડેલા હોય તો તેની અસર લાંબો કાળ પહોંચે છે અને જીવન સુખી બનાવવામાં સહાય કરે છે. આ સંગ્રહ કરવાનો હેતુ આથી સમજાશે.

ઇતીહાસ ભૂગોળ કે ગણિતનું જ્ઞાન નીતિનાં જ્ઞાન વિના બહુ ઉપયોગી હોતું નથી. આ તો સર્વ માન્ય છે કે ધર્મનીતિની ભાવના વિનાનું જીવન શુષ્ક છે. આ સંગ્રહમાં સમાયલા બોધથી જો એક પણ બાળકને લાભ થયો છે એમ જાણીશ તો શ્રમ સફળ થયો સમજીશ.

સુરત.
તા. ૨૨મી જાન્યુઆરી ૧૯૧૬ } લી૦ કર્તા.

સુવાસીની-સરલા

ભાગ ૧લો.

(રેનોલ્ડઝની એક ઉત્તમ નવલકથાનો અનુવાદ.)

કર્તા

ચંદ્રવદન ઇશ્વરલાલ ખાનસાહેબ.

કીંમત ૮ આના

ઉપલી ચોપડી કર્તા પાસેથી મળી શકશે.

સાંકળીઉં.

બાળકોને બે બોલ.

૧ ઇશ્વર તરફ પ્રેમ.

૧ ઈશ્વરે આખું જગત્ બનાવ્યું છે, અને તેમાં તેણે આપણે માટે જે અસંખ્ય સુખનાં સાધનો બનાવ્યાં છે તે માટે એનો જેટલો પાડ માનીએ તેટલો ઓછો છે.

૨ ઈશ્વર આપણી આસપાસ અને આપણાં શરીરોમાં એમ બધે ઠેકાણે રહે છે.

૩ ભોંયરામાં પેસીને લોખંડની બનાવેલી ઓરડીમાં જો આપણે કાંઈ છાની વાત કરીએ તો તે પણ ઈશ્વર સાંભળી શકે છે એવી એની જબરી શક્તિ છે. તે ઈશ્વરથી આપણે બ્હીને ચાલવું એ આપણી મુખ્ય ફરજ છે.

૪ ઇશ્વરે આપણને જે સ્થિતિમાં મુકયા હોય તે સ્થિતિમાં મુકવા માટે આપણે તેનો પાડ માનવો જોઇએ કારણ કે આપણા કરતાં પણ વધારે દુ:ખી અને ગરીબ સ્થિતિવાળા માણસો ઘણા હોય છે.

૫ ઈશ્વર એટલો બધો માયાળુ છે કે પાપીમાં પાપી માણસ પણ જો એનું ભજન કરે તો તે એને કદિ તરછોડતો નથી. આથી સમજાશે કે માણસ

કોઈ પણ વખતે પોતાની રીતભાત સુધારી એની મહેરબાની મેળવી શકે છે. ઈશ્વર ગરીબમાં ગરીબ માણસનો પણ તિરસ્કાર કરતો નથી.

૬ ઈશ્વરની મરજી વગર એક ઝાડનું પાંદડું પણ હાલી શકતું નથી. એ જે કરે છે તે આપણા સારાને માટેજ કરે છે.

૭ પ્રભુને સહુ કોઈ વહાલાં છે મોટામાં મોટી સત્તાથી અગર ગમે તેટલા પૈસાથી તેની મહેરબાની મેળવી શકાતી નથી. ફક્ત એનામાં દૃઢ વિશ્વાસ અને એનું દરરોજ સ્મરણ એ બે વસ્તુથીજ કોઈ પણ માણસ (ગરીબ કે પૈસાદાર) એની કૃપા મેળવી શકે છે.

૮ દુનીઆમાં મોટામાં મોટા દુઃખોના પ્રસંગો ઉપર પણ શાંતિ મેળવવા માટે એની ઇચ્છાને તાબે થવું એજ રસ્તો આપણા હાથમાં છે અને જે કોઈ આમ કરે છે તે ઘણે ભાગે પોતાનું દુઃખ ઓછું કરી શકે છે.

૯ ઇશ્વરની મહાન સત્તામાં દૃઢ વિશ્વાસ રાખવાથી માણસ ધીરજ, આશા, આનંદ, સહનશીલતા અને બીજા સારા ગુણો જે આપણે પોતાની મેળે મેળવવાને અશક્ત છીએ તે ઘણી સહેલથી મેળવી શકે છે.

૨ રાજ્યકર્ત્તા તરફ માન.

૧૦ સઘળાં ધર્મપુસ્તકોમાં ફરમાવ્યું છે કે રાજ્યકર્ત્તા તરફ પ્રીતિ રાખવી.

૧૧ રાજ્યકર્ત્તા આપણા જાનમાલનું રક્ષણ કરે છે એટલુંજ નહિ પણ આપણને સારા શહેરી બનાવવાને સારી કેળવણી આપે છે, હુન્નરો શીખવે છે અને દરેક જાતની સંભાળ પણ રાખે છે.

૧૨ રાજ્યકર્તા પરમેશ્વરના પ્રતિનીધિ છે માટે તેમને અપમાન એ પરમેશ્વરને અપમાન એમ સમજી તેમના તરફ પ્રેમ અને ભક્તિભાવની લાગણી રાખવી જોઇએ.

૧૩ આપણા રાજ્યકર્ત્તા **નામદાર શહેનશાહ** જ્યોર્જ તરફ આપણે તેમની રૈયત તરીકે વફાદારી બતાવવી એ આપણી ફરજ છે. આપણે સઘળાંઓએ વફાદારી બતાવવાને જે કાયદા સરકારે કર્યા હોય તે પાળવા જોઈએ.

૧૪ રાજા આ પૃથ્વીપર પરમેશ્વરની છાયા છે. જેમ પરમેશ્વરે આપણા ઉપર કરેલા ઉપકારો યાદ કરી આપણે તેને ભજીએ છીએ. તેમ દેશમાં બંદોબસ્ત રાખવા, રૈયતનું રક્ષણ કરવા, તથા તેને સુખી કરવા

સારૂ રાજાએ કરેલા ઉપકારો યાદ કરી તેને માન આપવું જોઈએ.

૩ માબાપ અને ગુરૂ તરફ માન

૧૫ આપણે આપણાં માબાપને માન આપવું એ આપણી પહેલી ફરજ છે. કારણ કે એઓએ આપણે માટે જે.જે સંકટો વેઠયાં છે તેનો જો આપણે વિચાર કરીએ તો કોઈ વખતે બદલો નહિ વાળી શકાય એવો અનેક ઉપકારનો એક ઢગલો છે.

૧૬ આપણે માબાપને માન આપી તેમની પાસેથી સારી આશિષ મેળવીશું તોજ આપણે જીંદગીમાં સુખી થશું.

૧૭ માબાપ અને ગુરૂ આપણા ઈશ્વર જેવાં પૂજ્ય છે.

૧૮ બાળક ને માબાપનો જો સંબંધ ભુલાય;
તો તો મારા તાતજી! આ દુનિયા પલટાય

(મુંબઇ ગુજરાતી નાટક મંડળી)

એટલે કે માબાપ અને આપણી વચ્ચેનો સંબંધ એવો છે કે જે કોઈ કાળે ભુલાતો નથી અને જો ભુલાય તો દુનિઆનો નિયમ ઉલટો થયો છે એમ સમજવું.

૧૯ દરેક બાળકે માબાપને માન આપવું. માબાપની આજ્ઞાનું અપમાન કરવું એ મહા પાપ છે. માટે તેઓની આજ્ઞા પાળવી એજ સુખી થવાનો સારો રસ્તો છે.

૨૦ મહાન પુરૂષોએ કહ્યું છે કે ગુરૂ પિતા સમાન છે તેથી વિદ્યાર્થીઓએ તેઓની આજ્ઞા પાળવી.

૨૧ ગુરૂ આપણને જ્ઞાન આપી સારા મનુષ્ય બનાવવાને પ્રયત્ન કરે છે તેથી તેમનો કદી પણ ઉપકાર ભૂલવો નહિ.

૪ સદ્વર્તન.

૨૨ સદ્વર્તન એટલે દુનીઆમાં સાચે રસ્તે ચાલવું તે.

૨૩ સદ્ગુણ એ આપણો આત્મા છે.

૨૪ દુનીઆમાં મોટા થવાનું પહેલું પગથીઉં સદ્ગુણ છે.

૨૫ સદ્ગુણને આપણા અંતઃકરણમાં કોતરી રાખવો જોઈએ.

૨૬ 'ગરીબાઈની સખ્ત ઠંડીથી કકડતો હું સંતોષ માનીને દુનીઆમાં મુસાફરી કરવાને તૈયાર થાઉં છું

અને તેમાં સદ્‌ગુણ મને ફાટેલાં તૂટેલાં કપડામાં પણ પૂરતી ગરમી આપે છે' એવો વિચાર હમેશાં રાખવો.

૫ સારી ટેવ.

૨૭ "ટાઢ જાય રૂએ અને આદત જાય મૂએ."

આ એક આપણામાં સાધારણ કહેવત છે. મતલબ કે એક ટેવ આપણને પડી તો તે કદિ છુટતી નથી, માટે હરેક બાળકે પહેલેથીજ સારી ટેવ પાડવાની કોશીશ કરવી.

૨૮ સારી ટેવોથી નઠારામાં નઠારો માણસ પણ સુધરીને સુખી થાય છે.

૨૯ નઠારી ટેવોથી ડાહ્યો, ભણેલો અને સારો માણસ પણ ખરાબ નીવડી આખી જીંદગી દુઃખી થાય છે.

૩૦ માણસના સ્વભાવનો સઘળો આધાર ટેવો ઉપરજ રહેલો છે.

૩૧ સારી ટેવોવાળો માણસ કુટુંબમાં, સગાં સંબંધીઓમાં, વડિલોમાં અને આખરે ઉપરી અમલદારોમાં પણ માનીતો થઈ પડે છે. અને તેવા માણસને જીંદગીમાં મોટા થવું પણ સહેલું થઈ પડે છે.

૩૨ દરેક બાળકે નિયમિતપણું, ચોકખાઈ, સાદાઇ, પ્રમાણિકપણું વગેરે સારા ગુણો જેમાં હોય તેવી સારી ટેવો પાડવાની કોશીશ કરવી.

૬ ઉદ્યોગ.

૩૩ ઉદ્યોગથી ગરીબ માણસને ઘેર પણ **શ્રી** લક્ષ્મીદેવી એની મેળેજ ચાલ્યાં આવે છે.

૩૪ ઉદરની ચિંતા કશી ઉદ્યમીને હોય નહિ,
ઉદ્યમીની આગળ ધનિક ધકકા ખાય છે;
ઉદ્યમી આકાશ ને પાતાળ એક કરી શકે,
ઉદ્યમી ઉભય લોક માંહી વખણાય છે.
ઉદ્યમીને ઈશ્વરનું પદ પણ દૂર નથી,
ઉદ્યમી સહજ વાતમાંહિ વધી જાય છે;
કેશવ કહું શું કલ્પવૃક્ષ કે તે કામધેનુ,
ચિંતવ્યા પ્રમાણે લાભ અપાર પમાય છે.

(કેશવકૃતિ.)

૩૫ શરીર લોઢા જેવું છે, તેથી જો તેને વાપરવામાં નહિ આવે તો આળસ રૂપી કાટ ચઢીને તે નકામું બની જશે.

૩૬ ઉદ્યોગ એ મોટા નાણાના ખજાનાની કુંચી છે.

૩૭ આળસથી પૈસાદાર માણસ પણ દરરોજ ગરીબાઈની નજદીક જતો જાય છે.

૩૮ દુનીઆમાં જ્યારે મધમાખીઓ પણ ઉદ્યમથી આવું મીઠું મધ એકઠું કરે છે ત્યારે માણસે ઉદ્યોગી બનીને મોટા થવા સારૂ શા માટે કોશીશ કરવી નહિ જોઇએ ?

૭ વખત.

૩૯ ગએલો વખત પાછો આવતો નથી.

૪૦ દરેક માણસે ભવિષ્ય માટે ઉંચા હવાઈ વિચારો કરવાનું છોડી દઈ વર્તમાન તરફજ પોતાની શક્તિઓને દોરવવી એટલે કે એક મિનિટ પણ નકામી જવા દેવી નહિ.

૪૧ વખતના રૂપની એવી આકૃતિ કલ્પવામાં આવી છે કે તેને આગલા ભાગમાં વાળના ગુચ્છા હોય છે તેથી તેને સામે આવતો પકડી શકાય છે, અને તે એક વખત આપણને મૂકીને ચાલ્યો ગયો કે પછી પાછલા ભાગમાં ફકત લીસી ટાલ હોય છે તેથી તેને ઝાલી શકાતો નથી.

૪૨ વખત અને ભરતી કોઈની રાહ જોતાં નથી.

૪૩ ગયલો પસો ઉદ્યોગથી પાછો મેળવી શકાય છે, બગડી ગયલી તંદુરસ્તી દવા અને પરેજીથી પાછી મેળવી શકાય છે, ગયલી આબરૂ રીતભાત સુધારવાથી

પાછી મેળવી શકાય છે બીજી ઘણી ચીજો ગયલી પાછી મળી શકે છે પણ ગએલો વખત કદી પણ પાછો ફરતો નથી માટે દરેક માણસે વખતનો સારો ઉપયોગ કરવો અને એક પળ પણ નકામી ગુમાવવી નહિ.

૮ ફતેહ.

૪૪ ધારેલા કામમાં પાર પડવું એટલે ફતેહ.

૪૫ ફતેહ મેળવવાનું મુખ્ય પગથીઉં દરેક કામ પાછળ મંડયા રહેવું એ છે.

૪૬ માણસ ધારે છે તે કરી શકે છે. ફક્ત કામમાં બધી શકિતઓથી મંડયા રહેવું એજ જરૂરનું છે.

૪૭ મહાન્ નેપોલીયન કહે છે કે "અશક્ય" શબ્દ ફકત મુર્ખાઓનાં શબ્દકોષમાંજ લખાએલો છે.

૪૮ દરેક માણસે પોતાનામાં રહેલી બધી શક્તિઓને એકઠી કરીને એક કામ કરવાનો નકકી ઠરાવ કરી કામ શરૂ કરવું જોઈએ તેમ થએથી સાધારણ કહેવત છે કે "તમે તમારી જાતને મદદ કરો અને ઈશ્વર તમને મદદ કરશે" એ નિયમ પ્રમાણે ઈશ્વર તેને જરૂર સહાય કરશે.

૯ ધીરજ.

૪૯ ' ઉતાવળા સો બ્હાવરા ધીરા સો ગંભીર. '

૫૦ માણસે દરેક કામમાં ધીરજ રાખવી જોઈએ.

૫૧ ઘણી વખત ઉતાવળ કરવાથી સારાં કામો બગડે છે અને એથી ઉલટું અઘરાં કામો ધીરજથી પાર પાડી શકાય છે.

૫૨ ધીરજથી ઉંચા પર્વતો પણ ચઢી શકાય છે.

૫૩ ધીરજનાં ફળો હંમેશાં સારાંજ નીવડે છે.

૫૪ જેનો ઉપાય નથી તે ધીરજથી સહન કરવુંજ જોઈએ.

૫૫ દુનીઆમાં દરેક બધી બાબતમાં ધીરજ રાખવી જોઈએ એજ ટેવથી કામ પાર પાડી શકાય છે.

૧૦ નિયમિતપણું.

૫૬ દરેક કામ નીમેલે વખતે કરવાની ટેવ એ નિયમિતપણું.

૫૭ નિયમિતપણાથી આપણું હમેશનું કામ કદી એકઠું થતું નથી અને દરરોજ રાત્રે આપણે નીરાંતે ઉંઘી શકીએ છીએ.

૫૮ ખાવા પીવામાં નિયમિત રહેવાથી આપણી તંદુરસ્તી સારી રીતે જાળવી શકાય છે.

૫૯ કામકાજમાં નિયમિત રહેવાથી આપણું કામ સારૂં થાય છે કારણ કે નિયમ પ્રમાણે કામ કરવાની ટેવથી અમુક કામ કરવાની ફીકરજ આપણે માથે રહે છે, નહિ તો કામ એકઠું થઈ ઢગલો થઈ જાય છે અને પછી જો એકાએક તે કામ પુરૂં કરવાની જરૂર પડે તો સાધારણ રીતેજ ઉતાવળ થાય છે અને ઉતાવળ કરવાથી કામ ડાઘાવાળું અને ગંદુ થાય છે. હિસાબનું કામ હોય તો તેમાં ઘણી ભૂલો રહી જાય છે અને આથી જેના હાથમાં આપણું કામ જાય છે તેને આપણે માટે ખરાબ મત બંધાઈ જાય છે અને એકદમ તે ફરતો નથી.

૬૦ ટુંકમાં નિયમિત માણસ જેનાં સહવાસમાં આવે છે તેનો તે માનીતો થઈ પડે છે.

૬૧ દરેક માણસે જીંદગીનાં કામકાજમાં નિયમિત રહેવું.

૧૧ ચોકખાઈ.

૬૨ દરેક બાબતમાં સુઘડતા રાખવી તેનુંજ નામ ચોકખાઈ.

૬૩ પહેરવા ઓઢવામાં ચોકખાઈ રાખવાથી શરીર સારૂં રહે છે.

૬૪ ઘર સાફસુફ રાખવાથી ઘરની હવા ચોકખી રહે છે.

૬૫ ઘણી જગ્યાએ એવું બને છે કે કચરો પુંજો નિયમિત રીતે સાફ કરવામાં નથી આવતો, ઘરમાં તેમજ ઘર બહાર આંગણામાં ગંદકી રાખવામાં આવે છે, તેનાં પરિણામે ઘરની હવા એવી બગડી જાય છે કે મંદવાડ વગેરે ઉપાધિઓથી ઘરનાં માણસોને હેરાન થવું પડે છે.

૬૬ આપણે ખાવા પીવામાં, પ્હેરવા ઓઢવામાં અને તેજ પ્રમાણે બીજી બધી બાબતોમાં ચોકખાઈ રાખવી. ઘરમાં તેમજ ઘરની બહાર દરરોજ કચરો સાફ કરાવવો અને સઘળું સ્વચ્છ રાખવું.

૧૨ સાદાઈ.

૬૭ જીંદગીનાં કામકાજોમાં ફક્ત જરૂરીઆત ચીજોનોજ ઉપયોગ કરવો એનું નામ સાદાઈ.

૬૮ સાદા માણસ હમેશાં સુખી થાય છે.

૬૯ જેમ જેમ આપણે સુખને માટે જુદી જુદી જાતનાં સાધનોની ઈચ્છા રાખીએ છીએ તેમ તેમ આપણું જીવન વધારે ને વધારે દુ:ખી બનતું જાય છે.

૭૦ સુખનું મૂળ સાદાઈ છે.

૭૧ હદ ઉપરાંત દેખાવ કરી પોતે પૈસાદાર છે એવો ખાલી ઢોંગ કરનારા માણસો ઘણી વાર એવો ખોટો મોટાઇનો ખરચ કરે છે કે અંતે તેઓને કરજમાં ઉતરવું પડે છે. તેઓ જો સાદાઈ રાખે તો આમાંનું કાંઈ થવા પામે નહિ.

૭૨ સાદો માણસ થોડી આવકમાં પોતાનું ગુજરાન ચલાવી શકે છે અને પોતાના કરતાં ઘણી વધારે આવકવાળા ખાલી ભપકાદાર માણસ કરતાં વધુ સુખી જીંદગી ભોગવે છે.

૭૩ દરેક બાળકે જીંદગીનાં નાનાં મોટાં કામ અને અવસર ઉપર સાદાઈ રાખવી.

૧૩ પૈસો.

૭૪ લક્ષ્મી ચળ છે, તે કોઈ જગાએ સ્થાયી રહેતી નથી.

૭૫ અમુક પૈસો આપણી પાસે કેટલો વખત રહેશે તેનો મુખ્ય આધાર તેના ઉપયોગ ઉપર રહેલો છે.

૭૬ ખોટે રસ્તે મેળવેલું ધન ઝાઝો વખત અને સારી રીતે વાપરી શકાતું નથી.

૭૭ સારે રસ્તે મેળવેલું ધન લાંબો વખત અને સારી રીતે વાપરી શકાય છે.

૭૮ ઉપલા બે નિયમોની મતલબ એવી છે કે સો પેદા કરવામાં પણ આપણે પ્રમાણિકપણાની ખાસ જરૂર છે.

૭૯ આપણે પૈસાનાં ગુલામ થવું નહિ પણ પૈસાના સારા વ્યવસ્થાપક થવું.

૮૦ પૈસાનો સારામાં સારો ઉપયોગ પરાર્થ અને લોક સેવા. પારકાનું ભલું કરવામાં અને આપણા ભાઈઓને મદદ કરવામાં વાપરવામાં આવેલો પૈસો સૌથી સારી રીતે વપરાયલો છે એમ કહેવાશે એટલુંજ નહિ પણ ઈશ્વર આપણને તેનાથી સોગણો પૈસો મેળવી આપશે.

૮૧ સંપત્તિ ડાહ્યા માણસ સિવાય બીજા કોઈને સુખ આપતીજ નથી.

૮૨ જે માણસ ધનવાન બનવાને બહુ આતુર હોય છે તે હમેશ ગરીબ જેવોજ રહેવાનો.

૮૩ દરેક બાળકે જે પૈસો પોતાની પાસે હોય તેનો સારો ઉપયોગ કરવો. પરાર્થ અને લોક સેવાથી

તેનો ઉપયોગ જે તરફ કરવામાં આવે છે તેનો મીઠો અમીભર્યો આશીર્વાદ ઈશ્વરને કાને પ્હોંચે છે તેથી તે દાન અગર સેવા કરનારને ઈશ્વર તરફથી એક જાતનો દીવ્ય આનંદ બક્ષવામાં આવે છે કે જે આ ક્ષણભંગુર દુનીઆમાં એક ઘણીજ સુખી ઘડી સમાન છે અને આ આનંદ પૈસાનો સારો ઉપયોગ કરનારને લાંબા વખત સુધી રહે છે.

૧૪ પ્રમાણિકપણું.

૮૪ સત્યને રસ્તે ચાલવું એ પ્રમાણિકપણું.

૮૫ પ્રમાણિકપણું એ સદ્‌ગુણોમાંનો એક ઉત્તમ ગુણ છે અને તેનું સારી રીતે પાલન કરવું એમાંજ ખરૂં સુખ છે.

૮૬ પ્રમાણિક માણસ હંમેશાં સુખી હોય છે કારણ કે તેને કોઈ જાતની ચિંતા હોતી નથી. કારણ કે તે કદી ખોટું કરતોજ નથી.

૮૭ અપ્રમાણિક માણસ હમેશાં ચિંતાતુર હોય છે કારણ કે તેણે કરેલાં ખોટાં કૃત્યો રખેને દુનીઆમાં બહાર આવે એવો એક જાતનો ડર તેના મનમાં હમેશાં રહે છે અને તેથી તે ગમે તેટલો પૈસાવાળો હોય છતાં પણ નિરાંતે રાતે ઉંઘી શકતો નથી.

૮૮ અપ્રમાણિક માણસના મનમાં પોતે કરેલાં ખોટાં કામો માટે એક જાતનો પશ્ચાતાપ હંમેશાં રહે છે અને તેથી તેનું કાળજું હંમેશાં ડંખ્યાજ કરે છે આથી તે રાત દિવસ અશાંત્તિમાંજ રહે છે.

૮૯ પ્રમાણિક માણસને આમાંનું કાંઈ પણ હોતું નથી.

૯૦ અપ્રમાણિક માણસને હંમેશાં તમારાથી દૂર રાખો.

૯૧ માટે દરેક બાળકે જીંદગીનાં કામકાજમાં પ્રમાણિક રહેવું એમ કરવાથી જીવન સુખી થશે.

૧૫ પરસ્પર સ્નેહ.

૯૨ જગત એક મોટું કુટુંબ છે. ઈશ્વર આપણો પિતા છે, અને ઈશ્વરનાં પેદાં કરેલાં આપણે સઘળાં બાળકો—ભાંડુઓ છીએ, એ જાતનું આપણી વચ્ચેના સંબંધનું પીછાન એ પરસ્પર સ્નેહ.

૯૩ આપણા બધા વચ્ચે જે ઉપર કહેલો કુદરતી સંબંધ છે, તેને અરસપરસ સ્નેહથી જેમ બને તેમ વધારે મજબુત બનાવો.

૯૪ કુસંપ, માંહોમાંહેના કજીઆ અને તકરાર દૂર કરો કે જેથી પ્રભુ રાજી થાય અને આપણે બધા

વીજળી પેઠે પળવાર ચમકતી જીંદગીમાં ઘડીભર સુખ—આરામ ભોગવીએ.

૯૫ કરોડો રૂપીઆનો માલીક પણ જ્યારે મરણ આવે છે ત્યારે ફુટી બદામ સાથે લીધા વગર ખાલી હાથે જાય છે.

૯૬ તો એ પૈસાનો આપણા દુઃખી નિરાધાર અને અશક્ત ભાઈઓ માટે ઉપયોગ કરી તેમની આંતરડીનો ઉંડો આશીર્વાદ લઈ પરસ્પર સ્નેહની લાગણીઓ વધારો.

૯૭ માટે દરેક બાળકે નિશાળમાં મિત્રો સાથે, કુટુંબમાં સગાંવહાલાં સાથે અને આપણા સમોવડીઆ સાથે પરસ્પર સ્નેહ રાખી સંપીને ચાલવું.

૧૬ નીતિ.

૯૮ પળ નીતિ સમીપ ન શૌર્ય ટકે,
જગ ચક્ર સુનીતિ વીના અટકે.

દો. કૃ. પંડયા.

૯૯ નીતિ આગળ જોરાવરમાં જોરાવર માણસ પણ લાઈલાજ છે.

૧૦૦ સારી નીતિ જો દુનીઆમાં ન હોય તો જગતનું ચક્ર પણ અટકી પડે. એટલે કે નીતિ વીના દુનીઆ પણ ચાલી શકતી નથી.

૧૦૧ આપણામાં સાધારણ કહેવત છે, કે "નીતિએ નારાયણ વસે, અનીતિએ કુતરાં ભસે."

૧૦૨ મતલબ કે નીતિ જ્યાં હોય છે ત્યાં લીલા લહેર રહે છે. અને જ્યાં અનીતિ થઈ કે ત્યાં દુઃખ, આફ્ત વગેરે આવીને નડે છે.

૧૦૩ માટે દરેક બાળકે નીતિના પાઠો શીખી નીતિમાન થવું.

૧૭ હસમુખાપણું.

૧૦૪ મુશ્કલીના કે માંદગીના વખતમાં ખુશ મિજાસ રાખવો એ હસમુખાપણું.

૧૦૫ માણસ હસમુખા ચહેરાથી—ખુશમિજાસથી પોતાનું દુઃખ ઘણે દરજ્જે ઓછું કરી શકે છે.

૧૦૬ હસમુખા સ્વભાવવાળું બાળક નિશાળમાં મિત્રોને, અને શિક્ષકને આનંદ પમાડે છે.

૧૦૭ માંદો માણસ હસમુખા સ્વભાવથી પોતાના રોગની વેદના અમુક અંશે ઓછી કરી શકે છે.

૧૦૮ હસમુખું બાળક માબાપને, સગાંવહાલાંને અને સર્વને વહાલું લાગે છે.

૧૦૯ માટે દરેક બાળકે હરઘડીએ હસતો ચહેરો અને ખુશમિજાસ રાખવાની ટેવ પાડવી.

૧૮ જાતિ પરીક્ષા.

૧૧૦ પોતાની જાતનું જ્ઞાન, પોતે શું શું કીધું અને શું શું કરવાનું છે, તેની નોંધ રાખવાની ટેવ એનું નામ જાતિ પરીક્ષા.

૧૧૧ આપણી જાતની પરીક્ષા લેવી એ સૌથી અઘરામાં અઘરૂં કામ છે.

૧૧૨ બીજાઓમાં જેની તમે નિંદા કરો છો તે દોષ તમારામાંનથી તેની પહેલાં તપાસ કરો.

૧૧૩ દરેક કામ કરતાં પહેલાં તે ખરૂં છે કે ખોટું છે, વાજબી કે ગેરવાજબી છે તેની ચોક્કસ તપાસ કરવી.

૧૧૪ દરેક બાળકે દરરોજ રાત્રે આખા દિવસમાં પોતે શું શું કીધું અને આવતી કાલે સવારે શું શું કરવાનું છે તેની નોંધ લખવી. એ ટેવથી જાતિ પરીક્ષા જેવું અઘરૂં કામ પણ સહેલું થઈ જશે.

૧૯ સંપ.

૧૧૫ એક બીજા સાથે હળીમળી ચાલવું એ સંપ.

૧૧૬ સંપ મોટામાં મોટું જોર છે.

૧૧૭ સંપીને રહેવાથી દુશ્મન આપણને નુકસાન કરવાને એકાએક હિંમત કરી શકતો નથી.

૧૧૮ હિંદુસ્તાનના ઇતિહાસમાં આપણે જોઈએ તો માલમ પડશે કે કુસંપથી મોટાં મોટાં રાજ્યો પણ તારાજ થઈ ગયાં છે. જો કુસંપની અસર આવા મહાન રાજાઓને પણ આટલે બધે દરજ્જે થઈ છે તો આપણી જીંદગીના સાધારણ વ્યવહારોમાં તો કુસંપથી કેટલી બધી હાનિ થાય એનો સહજ ખ્યાલ આવી શકશે.

૧૧૯ આપણામાં સાધારણ કહેવત છે કે 'એક કરતાં બે ભલાં.'

૧૨૦ માટે દરેક બાળકે મિત્રો, સગાંસંબંધીઓ અને સ્નેહીઓ સાથે સંપીને ચાલવું.

૨૦ કરજ.

૧૨૧ પૈસો પાસે નહિ હોય છતાં ખાલી મોટાઈની ખાતર ઉધાર માલ લાવવો એનું નામ કરજ.

૧૨૨ કોઈ દિવસ આપણે કરજ કરવું નહિ.

૧૨૩ પૈસો પાસે નહિ હોય તો ખરીદવા ધારેલી વસ્તુ વગર ચલાવવું અને ધારેલો ખરચ કરજ કરીને ખોટો લ્હાવો લેવાનો વિચાર છોડી દેવો, કારણ કે એથી પાછળથી ઘણું નુકસાન થાય છે અને કદાચ ઓચિંતું આપણું મરણ થાય તો આપણે કરેલા કરજનો બોજો નિરાધાર બાયડી ને છોકરાંપર આવી પડે છે.

૧૨૪ કરજ કરવાની ટેવથી આવક કરતાં ખરચ વધી જાય છે, અને તેનો ખ્યાલ આપણને રહેતોજ નથી. માટે આપણી આવક હોય તેટલોજ અને બને તો તેથી પણ ઓછો ખરચ કરવાની ટેવ રાખવી.

૧૨૫ ઘણા માણસો લગ્ન પ્રસંગે કે કોઈ બીજા પ્રસંગે ખરચ કરવો હોય ત્યારે ઘર અગર દાગીના ગીરો મુકી મોટા ખરચ કરીને પોતે પૈસાવાળા છે એમ બતાવે છે, પણ પાછળથી તેઓ તે છોડવી શકતાજ નથી અને પોતાની પુંજી આવી રીતે ગુમાવી બેસે છે.

૧૨૬ માટે દરેકે નાનપણથીજ ઉધાર ન લેવાની ટેવ પાડવી, અને પાસે પૈસો હોય તોજ કોઈ ચીજ લેવી એમ ચોકકસ નિયમ રાખવો.

૨૧ ગુસ્સો.

૧૨૭ સાધારણ બાબતોમાં મગજ ઉપરનો કાબુ ગુમાવી દેવો એનું નામ ગુસ્સો.

૧૨૮ ગુસ્સો એ મોટો અવગુણ છે. તેને જેમ બને તેમ આપણાથી દૂર રાખવો.

૧૨૯ ગુસ્સો એક જાતનું ગાંડપણ છે. ચીડવાએલો માણસ ગાંડા જેવો થઈ જાય છે અને આવેશમાં નહિ બોલવાનું બોલી દે છે અને પાછળથી તેને પસ્તાવું પડે છે.

૧૩૦ કોઈ માણસ કદી કાંઈ કારણસર ગુસ્સે થયો હોય તો આપણે તેની સામા ગુસ્સો કરવો નહિ, પણ નરમાશથી વાત કરવી. આમ કરવાથી તેનો ગુસ્સો એની મેળેજ ઉતરી જાય છે અને પછી તે તેનો વાંક હોય તો આપણી માફી માગવા પણ આવે છે.

૧૩૧ કોઈ માણસ ગુસ્સે થાય તેની સાથે આપણે પણ ગુસ્સે થઈએ તો તેનો ગુસ્સો બમણો વધે છે, અને વારંવાર એમાંથી ગંભીર તકરાર થઈ ખરાબ પરિણામ આવે છે.

૧૩૨ માટે દરેક બાળકે કદી પણ ગુસ્સે થવું નહિ અને બધા સાથે નરમાશથી ચાલવું.

૨૨ સંતોષ.

૧૩૩ ઈશ્વર આપણને જે આપે તેનાથી રાજી રહીને સુખે દિવસો કાઢવા તે સંતોષ.

૧૩૪ સુખનું મૂળ સંતોષ છે અને સંતોષી માણસ હંમેશાં સુખીજ રહે છે.

૧૩૫ સદા સંસારમાં સુખ દુઃખ રે રખાં માની લઈએ,
રાખે જેવી રીતે રામ તેવી રીતે રહીએ.
(ડાહ્યાભાઇ ધોળશાજી)

૧૩૬ સંતોષી માણસ સુખી હોય છે કારણ કે તેને ધન, કીર્તિ, કે કોઈ પણ વસ્તુની લાલચ હોતી નથી.

૧૩૭ પણ અસંતોષી માણસ ગમે તેટલું મળે તો પણ ખુશી થતો નથી, પણ વધારેને વધારે મેળવવા માટે ફાંફાં મારે છે અને પરિણામે આખી જીંદગી ફિકર હાયમાંજ પુરી કરે છે.

૧૩૮ સંતોષનો સામો દુર્ગુણ લોભ, લોભ એ પાપનું મૂળ છે. લોભી માણસ કોઇ દિવસ સુખી

થતો નથી, કારણ કે તેને જેમ જેમ વધારે મળતું જાય તેમ તેનો લોભ વધતો જાય.

૧૩૯ માટે દરેક બાળકે પોતાને જે મળે તેનાથી સંતોષ માનવો અને કદી પણ લોભ કરવો નહિ.

૨૩ ફરજ.

૧૪૦ ઈશ્વર તરફથી સોંપાએલાં કામો બરાબર કરવાં તેનું નામ તે ફરજ.

૧૪૧ આપણે આખી જીંદગી ફરજ અદા કરવામાંજ ગાળવાની છે.

૧૪૨ ફરજ અદા કરવાથી આપણા મનને -હૃદયને એક જાતની શાંતિ મળે છે. તે ફરજ અદા ન કરનારને મળતી નથી.

૧૪૩ ફરજ અદા કરવામાં આપણે ચુકયા કે એક જાતની પશ્ચાતાપની છાયા આપણા મન ઉપર આવે છે. અને તેથી હમેશાં આપણે અશાંત—બેચેન રહીએ છીએ.

૧૪૪ અશાંત જીવન એટલે દુ:ખી જીંદગી એમજ સમજવું કારણ કે મનની શાંતિ વગર બહારનાં સુખ વૈભવો બધાં નકામાં છે.

૧૪૫ માટે દરેક બાળકે નિશાળમાં નિયમિત જઈ વિદ્યાભ્યાસ કરવાની ફરજો, માબાપ તરફની ફરજો, મોટપણે કુટુંબ તરફની ફરજો અને છેવટે ઈશ્વર તરફની અને જનસમાજ તરફની ફરજો અદા કરવી, તેમ કરવાથી જીંદગી સુખદાયી થશે.

૨૪ ક્ષમા.

૧૪૬ કોઈ આપણું ભુંડું કરે તેને નુકસાન કરવાની આપણામાં શક્તિ હોય છતાં તેને માફી આપવી એનું નામ ક્ષમા.

૧૪૭ બીજાંના દોષો માફ કરવા એ ઈશ્વરી ફરમાન છે. અને તેથી ઈશ્વર રાજી થાય છે.

૧૪૮ માફ કરો અને સહન કરો.

૧૪૯ એક માણસ એક ભૂલ કરે, તેને માફ નહિ કરતાં આપણે પણ સામા તેવીજ ભૂલ કરીએ તો બેઉ સરખાજ ગણાઈએ માટે હંમેશાં બીજાની ભૂલ માફ કરી ઉદારતા બતાવવી.

૧૫૦ સામાના દોષો માફ કરવાથી તેને પોતે કરેલી ભૂલ માટે પસ્તાવો થાય છે અને છેવટે મોડાં વહેલાં પણ પોતાની મૂર્ખાઈ સમજાય છે.

૧૫૧ દરેક બાળકે જીંદગીમાં નાના મોટા પ્રસંગોએ ક્ષમા રાખવાની ટેવ પાડવી.

૨૫ પરાર્થ—(પરોપકાર.)

૧૫૨ પારકાનું ભલું કરવું એટલે પરાર્થ.

૧૫૩ આપણો પૈસો, આપણી સત્તા, અને આપણું સર્વ કાંઈ જે ઈશ્વરે આપણને આપ્યું હોય તે પારકાના ભલા માટે વાપરવું. એનાથી બીજો કોઈ સારો ઉપયોગ નથી.

૧૫૪ એક મહાન અંગ્રેજ લેખક કહી ગયો છે કે જુવાન માણસ જો તું મને બે શબ્દ કહેવાની રજા આપે તો હું તને કહું કે જો તારામાં બીજા માણસો કરતાં અક્કલ, પૈસો કે વિદ્યા કાંઈ પણ વિશેષ હોય તો તેનો લાભ તારા ભાંડુઓને આપ. તારા ગરીબ નિરાધાર ભાઈની સાથે એક સંપ રાખવામાંજ ખરો આનંદ માન. તારી પાસે જે કાંઈ હોય તેનો લાભ તેઓને આપ. જો તું આમ કરશે તો તું દશ વરસનો નહિ થશે તે પહેલાં આકાશમાં ચમકતા તારાઓમાં સૌથી પ્રકાશિત તારો તારી આગળ ઝાંખો પડશે."

૧૫૫ પારકાનું ભલું કરવાથી તેને સુખ થાય છે અને આપણા મનમાં એક જાતનો આનંદ થાય છે.

૧૫૬ માટે દરેક બાળકે પોતાથી બને તેટલું પારકાનું ભલું કરવું.

૨૬ ટુંકસાર.

૧૫૭ ઈશ્વર તરફ અને એણે બનાવેલાં પ્રાણીઓ તરફ પ્રેમ રાખો.

૧૫૮ તમારા રાજ્યકર્ત્તા અને તેમના પ્રતિનીધિઓને માન આપો.

૧૫૯ માબાપ અને ગુરૂને ઈશ્વર જેવાં પૂજ્ય ગણી તેમને માનઆપો.

૧૬૦ જીંદગીમાં સદ્વર્તન રાખો.

૧૬૧ સારી ટેવો પાડો.

૧૬૨ જીંદગી ઉદ્યોગી બનાવો કારણ કે જીંદગી એટલે ઉદ્યમ.

૧૬૩ વખત નકામો ગુમાવશો નહી. ગયલો વખત કદી પાછો ફરતો નથી.

૧૬૪ ધારેલું કામ પાર પાડવા તેમાં ખંતથી મંડી ફતેહ મેળવો.

૧૬૫ સઘળી બાબતોમાં ધીરજ રાખવી.

૧૬૬ દરેક કામમાં નિયમિત થાઓ.

૧૬૭ દરેક બાબતોમાં ચોકખાઈ રાખો.

૧૬૮ જીંદગીના સઘળા વ્યવહારમાં સાદાઈ રાખો.

૧૬૯ તમારી પાસે જે પૈસા હોય તેનો સારો ઉપયોગ કરો.

૧૭૦ દરેક કામમાં પ્રમાણિક રહો.

૧૭૧ અરસપરસ સ્નેહની લાગણીઓ મજબુત કરે

૧૭૨ જીવન નીતિમય બનાવો.

૧૭૩ હસમુખા બનવાની ટેવ પાડો.

૧૭૪ તમારી જાતની પરીક્ષા કરી તેમાં રહેલા દોષોને દૂર કરો.

૧૭૫ બધા સાથે હળીમળીને સંપથી ચાલો.

૧૭૬ કદી પણ કરજ કરવું નહિં એવો ચોકકસ ઠરાવ કરો.

૧૭૭ કદી ગુસ્સે થશો નહિ.

૧૭૮ તમારી પાસે જે હોય તેનાથી સંતોષ માનીને રહેવું.

૧૭૯ તમારી ફરજ અદા કરી શાંતિમાં રહો.

૧૮૦ બીજાની ભૂલો માફ કરીને રાજી થાઓ.

૧૮૧ પારકાનું ભલું કરી ગરીબ, નીરાધાર, તંગીવાળા, અને અશક્ત પ્રાણીઓની આશિષ લ્યો.

સમાપ્ત.

A few of the opinions.

I have read the minuscript copy of your booklet entitled " બાળકોને બે બોલ " and can say that the moral maxims and precepts of good conduct contained in it are likely to benefit children of primary schools if they read them often and try to act up to them.

I wish every success to your booklet.

M. M. Bulsari Esqr. B. A.
Deputy Educational Inspector.
Surat Sub-division.

I went through your minuscript 'બાળકોને બે બોલ' and feel no hesitation in saying that it is written in exceedingly simple style–one might say almost in homely dialect quite intelligible to young boys. I would ask you to keep the price as low as you can that any poor boy can buy it. I am quite sure the Educational department will gladly sanction it for prizes and library.

Ganpatram Anupram Trawadi Esqr.
Retired Principal
Kathiawar. Male Training College.
Rajkot.

I am in receipt of the printed sheets I think the precepts gathered by you are useful and would be understood and liked by children.

Krishnalal Mohanlal Jhavari Esqr.
M. A; L.L. B.
Judge, Small Causes Court,
Bombay.

મને લખવાને ખુશી ઉપજે છે કે તમોએ મહેનત લઈ "બાળકોને બે બોલ" એ નામની નીતિ સંબંધી ચોપડી લખીને છપાવી બ્હાર પાડી છે, તેને માટે ધન્યવાદ ઘટે છે. હાલમાં નામદાર સરકાર સ્કુલોમાં નીતિ સંબંધી શિક્ષણ દાખલ કરવાની તૈયારીમાં છે, તેજ અરસામાં તમોએ એજ વિષયને લગતી ચોપડી લખી છે, તો આશા રાખું છું કે તમારી ચોપડી પ્રાયમરી સ્કુલોમાં ઘણીજ ઉપયોગી થઇ પડશે આ ચોપડી મેં પહેલેથી છેલ્લે સુધી વાંચી જોઈ છે, તે પરથી જણાય છે કે જો શિક્ષકો બાળકોને આ ચોપડીનું જ્ઞાન દ્દષ્ટાંત સાથે આપે તો રસિક થઈ પડે એમ છે. ચોપડીમાંજ દ્દષ્ટાંત આપ્યાં હોત તો વધારે ઠીક ગણાત, પણ પુસ્તક મોટું થાય, અને કિંમત પોષાય નહિ, એ હેતુથી કર્તાએ તેમ ન કર્યું હોય એ સંભવીત છે. આ ચોપડી દરેક રીતે ઉત્તેજન આપવા લાયક છે, એમ મારૂં માનવું છે તા. સદર.

અંબેલાલ લાલભાઈ.
મ્યુ. પ્રાથમિકશાળા નં ૩ના હેડમાસ્તર

આથી હું જણાવું છું કે રા રા. ચંદ્રવદનભાઈ તરફથી તૈયાર કરવામાં આવેલી બાળકોને સદ્બોધના વિષયની ચોપડી મારા વાંચવામાં આવી છે, તે જોતાં એમાં સમાયલા વિષયોથી શરૂઆતનાં બાળકોમાં નીતિ સંબંધી વ્યવસ્થા ઉત્તમ રીતે જળવાઇ રહે એમ છે, માટે તે શાળામાં ચલાવવા તેમજ રાખવાથી અતિ ઉપયોગી થઇ પડશે, એમ હું ખાત્રીથી કહી શકું છું.

દયાળજી ખંડુભાઈ વસી.

મ્યુનીસીપલ પ્રાથમિકશાળા નંબર ૧ના હેડમાસ્તર

પ્રાથમિકશાળાનાં છોકરાની નૈતિક કેળવણી માટે આપે લખેલી ચોપડી "બાળકોને બે બોલ" મેં વાંચી છે. મને ખાત્રી છે, કે જે ઉદ્દેશથી તમે આ પ્રયાસ કીધો છે, તે યથાર્થ રીતે પાર પડશે. ભાષા પણ ઘણી સ્હેલી બાળકો સમજી શકે તેવી છે, ને તેથી અમારી શાળાઓમાં ભણતાં છોકરાં બાળકોને તે ઘણી ઉપયોગી થઇ પડશે, એમ હું ભાર મૂકીને કહી શકું છું. તમને આવી સારી દિશામાં પ્રયાસ કરવા માટે ધન્યવાદ આપું છું, અને છેવટે તમને આ તમારા કામમાં સંપૂર્ણ ફતેહ ઇચ્છું છું.

હાલના સમયમાં કાગળ વગેરે છપામણીનાં સાધનોની મોંઘવારી હોવા છતાં ત્રણ આના જેટલી જુજ કીંમત રાખી છે, તેથી ગરિબ બાળકો પણ તેનો લાભ લઇ શકશે.

ભીમભાઈ દયાળજી.

મ્યુનીસીપલ પ્રાથમિકશાળા નંબર ૧૦ના હેડમાસ્તર

(મે. ડીરેકટર સાહેબે ટેકસ્ટ બુક તરીકે મંજુર કરેલ.)

“સાહિત્ય રત્ન”

—[illegible]—

સંપાદક

ચંદ્રલાલ ભાઈલાલ ખાનસાહેબ બી. એ.

હેડમાસ્તર સાર્વજનિક હાઈસ્કુલ સુરત.

અને

નરસિંહલાલ મંગળભાઈ. એમ. એ. એલ. એલ. બી.

પ્રોસીક્યુટીંગ પોલીસ ઓફીસર પંચમહાલ.

કીંમત રૂ ૧

નોટ્સ ઓન ધી સ્ટડી ઓફ ગુજરાતી.

કર્તા—

ચં. ભા. ખાનસાહેબ બી. એ.

હેડમાસ્તર સાર્વજનિક હાઈસ્કુલ સુરત.

અને

ગોવિંદદાસ જમનાદાસ શેઠ બી. એ. એલ. એલ. બી.

હેડ. મા. સાર્વજનિક મીડલ સ્કુલ સુરત.

કીંમત રૂ ૧

મળવાનું ઠેકાણું—

સી. એમ. ચોકસી બુકસેલર

ભાગાતળાવ—સુરત.

આ પુસ્તક: નીચલી ઓફીસોમાંથી મળી શકશે

૧લી

[illegible]

ગોપીપુરા લીમડીચોક—સુરત.

અને

શ્રી. [illegible]

[illegible]

[illegible]—સુરત.